# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૯/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'ગ્રોથ ઓફ મેન મેઇડ ફાયબર ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી ઇન ઇન્ડીયા–રોડમેપ ટુ આઇડેન્ટીફાય ગેપ્સ એન્ડ સજેશન મેઝર્સ' વિશે કન્સલ્ટેશન મીટીંગ મળી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, તા. ૯ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'ગ્રોથ ઓફ મેન મેઇડ ફાયબર ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રી ઇન ઈન્ડીયા–રોડમેપ ટુ આઇડેન્ટીફાય ગેપ્સ એન્ડ સજેશન મેઝર્સ' વિશે કન્સલ્ટેશન મિટીગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ભારત સરકારના ટેક્ષ્ટાઇલ મંત્રાલયના ટેક્ષ્ટાઇલ કમિટીના સેક્રેટરી શ્રી અજિત બી. ચવ્હાણ અને ડેપ્યુટી ડાયરેકટર શ્રી ટી.કે. રાઉતે કાપડ ઉદ્યોગના વિકાસ અને એક્ષ્પોર્ટને વધારવાની દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતું. સાથે જ મિટીગમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીઝને નડી રહેલી મુશ્કેલીઓ વિશે રજૂઆત કરી તેના નિવારણ માટે જરૂરી અને મહત્વના સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી કપરા સમયમાંથી પસાર થઇ રહી છે. વિવિંગ, યાર્ન, એમ્બ્રોઇડરી વિગેરે બધા જ સેકટરમાં મુશ્કેલી છે. જીએસટી, ક્રેડીટ લેપ્સ અને ઇન્ટરેસ્ટના પ્રશ્નનો સરકાર દ્વારા વહેલી તકે નિવારણ લાવવામાં આવે એવી અમારી રજૂઆત છે.

શ્રી અજિત ચવ્હાણે ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા સર્વેને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે, ગ્લોબલ માર્કેટમાં આપણે એક્ષ્પોર્ટ વધારવાની જરૂરીયાત છે. એના માટે કવોલિટી પ્રોડકશન ઉપર ધ્યાન આપવુ પડશે. સુસંગતતા અને ડિલીવરી ટાઇમ મેચ થતો નથી. આથી આ બાબતોને ધ્યાનમાં રાખીને ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીઝને ગ્રો થવુ પડશે.

ઈન્ડસ્ટ્રીઝ અને સરકારને સાથે મળીને કામ કરવાનું છે. ટેક્ષ્ટાઇલના દરેક સેગ્મેન્ટને સ્ટાન્ડર્ડાઇઝ કરવાનો આપણે પ્રયાસ કરીશું. સરકાર તરફથી ઈન્ડસ્ટ્રીઝને ઇન્સેન્ટીવ મળે તેવો પ્રયાસ કરીશું. તેમણે સરકારની સમર્થ નામની સ્કીલ ડેવલપમેન્ટ સ્કીમની માહિતી આપી આ સ્કીમની મુદત તા. ૧૨ ઓગષ્ટ ૨૦૧૯ સુધી લંબાવી હોવાથી તે પહેલા સ્કીમનો લાભ લેવા જણાવ્યુ હતુ. વેપારીઓને સરકારની વિવિધ સ્કીમની માહિતી મળી રહે તે માટે વર્કશોપ કરીશું તેમ તેમણે વધુમાં જણાવ્યુ હતુ.

શ્રી ટી.કે. રાઉતે જણાવ્યુ હતુ કે, મેન મેઇડ ફેબ્રિક્સ અને રો મટિરીયલ્સ સુરતમાં જ જોવા મળતુ હોવાથી સુરત વગર ઇન્ડસ્ટ્રીઝની સ્ટડી શકય નથી. સરકારની ૩૫૦ મીલિયન ડોલર એક્ષ્પોર્ટ કરવાની નેમ છે. હાલમાં જે એક્ષ્પોર્ટ થઇ રહયુ છે એમાંથી ૫૬ % હિસ્સો મેન મેઇડ ટેક્ષ્ટાઇલનો છે. ગ્લોબલ માર્કેટમાં મેન મેઇડ ટેક્ષ્ટાઇલના એક્ષ્પોર્ટ માટે ઘણી તકો છે. ટેકનીકલ ટેક્ષ્ટાઇલ પણ એક્ષ્પોર્ટ માટે મહત્વનો રોલ ભજવે છે. જર્મનીનું ટેકનીકલ ટેક્ષ્ટાઇલમાં એક્ષ્પોર્ટ વધારે છે. આથી સરકાર ઇચ્છે છે કે ટેકનીકલ ટેક્ષ્ટાઇલમાં ભારત પણ એક્ષ્પોર્ટ વધારે. એના માટે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં નવા ઇનોવેશન અને નવી ટેકનોલોજીમાં ઇન્વેસ્ટ કરવાની જરૂર છે. તેમણે ગ્લોબલ ટ્રેડ સિનારીયોની માહિતી આપી હતી.

ફિયાસ્વીના ચેરમેન તથા ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી ભરત ગાંધીએ જણાવ્યુ હતુ કે, ભારતમાં કેટલાક દેશોમાંથી ઝીરો ડ્યુટીથી કપડું આવી રહયુ છે એ ઈન્ડસ્ટ્રી માટે સૌથી મોટી મુશ્કેલી છે. એના કારણે રોજગારી ઉપર પણ અસર પડી રહી છે.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી બી.એસ. અગ્રવાલે જણાવ્યુ હતુ કે, કેન્દ્ર સરકાર જમીન ફાળવે અને રાજ્ય સરકાર મદદ કરે તો સુરતમાં પ્રોસેસિંગ પાર્ક બની શકે છે. નવી ટેકનોલોજીવાળી મશીનરી આવશે તો કવોલિટી પ્રોડકશન આપોઆપ વધી જશે. દેશભરમાં સરકારનો માર્કેટીગ સપોર્ટ મળે તો એક્ષ્પોર્ટ પણ વધારી શકાશે. સ્કીલ ડેવલપમેન્ટ માટે પણ સરકારે રિયાલીટી જોઇને સ્કીમ બનાવવી જોઇએ.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી મહેન્દ્ર કાજીવાલાએ જણાવ્યુ હતુ કે, સુરતમાં ઉદ્યોગ સાહસિકતા છે અને સારુ કાપડ પણ બનાવતા આવડે છે પણ કવોલિટી પ્રોડકશન અને એક્ષ્પોર્ટ વધારવા માટે સરકાર દ્વારા એપેરલ પાર્ક સુરતને આપવો જોઇએ.

ઉદ્યોગપતિ શ્રી સંજય સરાવગીએ જણાવ્યુ હતુ કે, સરકારે ટફની સબસિડી ઉપર રૂપિયા ૨૦ કરોડની કેપ લગાવી દીધી છે તેને દૂર કરવામાં આવે. બાયર્સ ક્રેડીટના મુદ્દા વિશે સરકારે ફરીથી વિચારણા કરવી જોઇએ.

શ્રી નારાયણ અગ્રવાલે જણાવ્યુ હતુ કે, સરકારને પ્રોસેસિંગ યુનિટ માટે જગ્યા આપવી જોઇએ. વિવિંગ ઈન્ડસ્ટ્રીઝને સારી કવોલિટી બનાવવા માટે જાગૃતતા લાવવા માટે સરકારે સેમિનાર કે વર્કશોપ કરવા પડશે.

ઉદ્યોગપતિ શ્રી ધીરુભાઇ શાહે જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીઝને ઘણી મુશ્કેલી નડી રહી છે જેનુ નિવારણ સરકાર દ્વારા લાવવુ પડશે. આના માટે સરકાર અને ઇન્ડસ્ટ્રીઝ બંનેને આગળ વધવુ પડશે.

ચેમ્બરના જીએફઆરઆરસીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે, સરકાર સુરતમાં પ્રોસેસિંગ પાર્ક બનાવી આપે. બાંગ્લાદેશ જેવા દેશોમાંથી ભારતમાં આયાત વધી ગયુ છે. જેને બંધ કરવા માટે સરકારે એન્ટી ડમ્પીગ ડયુટી લગાવવી જોઇએ.

ફોસ્ટાના સેક્રેટરી શ્રી ચંપાલાલ બોથરાએ ડ્રો બેક ઇન્સેન્ટીવ વિશે રજુઆત કરી વેપારીઓને આઇટીસી ૦૪માંથી બહાર કાઢવાનું જણાવ્યુ હતુ. ગારમેન્ટ ઈન્ડસ્ટ્રી માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવે. ટેક્ષ્ટાઇલની નવી યોજનાઓ વિશે વેપારીઓમાં જાગૃતિ ફેલાવવા માટે સરકારે પ્રયાસ કરવા જોઇએ. વેપારીઓનો એમએસએમઇમાં સમાવેશ કરવામાં આવે અને તેઓને પગભર થવા માટે ઓછા વ્યાજે લોન આપવામાં આવે. સાથે જ વિદેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ સરકાર દ્વારા કરવામાં આવે. કાપડની રિસર્ચ લેબોરેટરીની વ્યવસ્થા સુરતમાં કરવામાં આવે.

શ્રી દિનેશ ઝવેરીએ જણાવ્યુ હતુ કે ચાઇનાની જેમ ભારત સરકારે પણ ટેકનીકલ ટેક્ષ્ટાઇલ માટે મોટી સબસિડી આપવામાં આવે, જેથી કરીને સારી મશીનરી વેપારીઓ વસાવી શકશે. હાઇજીન પ્રોડકટ બનાવતી મશીનરી ઉપર સારી સબસિડી સરકારે આપવી જોઇએ.

શ્રી આશિષ ગુજરાતીએ ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીઝના વિવિંગ સહિતના સેકટર વિશે પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું. જયારે શ્રી સુમીત અગ્રવાલે વધારે એક્ષ્પોર્ટ કરનારને પણ સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીમાં સામેલ કરવામાં આવે તેવી રજુઆત કરી હતી.